UK Health
Security
Agency

NHS

# MenB રસીકરણ પછી તાવને રોકવા અને સારવાર કરવા માટે પેરાસિટામોલનો ઉપયોગ કરવો

### હમણાંજ MenB રસી મારા બાળકને આપવામાં આવી હતી, હવે મારે શું અપેક્ષા રાખવી જોઈએ?

કોઈ પણ રસીકરણ પછી તાવની અપેક્ષા રાખી શકાય, પણ જયારે 8 અને 12 અઠવાડિયાઓએ બીજી નિયમિત રસીઓ સાથે MenB રસી બેકસેરો (Bexsero) આપવામાં આવે ત્યારે તે વધારે સામાન્ય હોય છે. અડધાથી વધારે શિશુઓને આવી રસીઓ પછી પેરાસિટામોલ વગર, શરીરનું ઉષ્ણતામાન વિકસિત થશે. રસીકરણ લીધાના 6 કલાકની આસપાસ તાવ સૌથી ઊંચો થવા માટેનું વલણ ધરાવે અને તે હંમેશાં 2 દિવસોની અંદર લગભગ સંપૂર્ણપણે જાય છે. તાવ બતાવે છે કે બાળકનું રોગપ્રતિરક્ષિત તંત્ર રસીનો પ્રતિભાવ આપી રહી છે, જોકે તાવનું સ્તર દરેક બાળક પર આધારિત હોય અને રસી તમારા બાળકને કેવી સારી રીતે સુરક્ષિત રાખશે તે બતાવતું નથી.

### તાવનું જોખમ હું કેવી રીતે ઘટાડી શકું?

રસીકરણ પછી તરત જ પેરાસિટામોલ આપવાથી – અને તાવ વિકસિત કે વધારે થવા માટે રાહ જોયા વગર - તમારા બાળકને તાવ આવવાનું જોખમ ઘટાડશે. પેરોસિટામોલ સાથે, દર 5 માંના 1 ઓછા બાળકોને તાવ આવે અને આમાંના લગભગ બધાને હળવા (39°Cથી નીચે) હોય છે. તમારા બાળકને ચીડિયાપણું અથવા અસ્વસ્થતા (જેમ કે ઇંજેકશનના સ્થળે દુખાવો) થવાની શક્યતાને પેરાસિટામોલ પણ ઘટાડશે.

### મારે કયા પેરાસિટામોલ ઉત્પાદનનો ઉપયોગ કરવો જોઈએ?

**શિશુ કે ખૂબજ નાના બાળક માટેની મૌખિક પેરાસિટામોલ સસ્પેન્શનનો કે નિલંબનનો તમારે ઉપયોગ કરવો જોઈએ. શિશુઓ અને નાના બાળકોમાં ઉપયોગ માટે આ પ્રકારની પેરાસિટામોલ પ્રવાહી સ્વરૂપમાં આવે છે. તેની જોરદાર અસર કે સ્ટ્રેંગ્થ 120mg/5ml હોય છે.**

જો તમારી પાસે પહેલેથી જ ઘરે શિશુઓ માટે પેરાસિટામોલ સસ્પેન્શન ન હોય તો, તમારે તમારી સ્થાનિક ફાર્મસિ અથવા સુપરમાર્કેટમાંથી થોડીક મેળવવી જોઈએ જેથી તમે રસીકરણના એક કલાકની અંદર પેરાસિટામોલનો પ્રથમ ડોઝ આપી શકો. પસંદ કરવા માટે વિવિધ ઉત્પાદનો (બોટલો અને સેશેસ સહિત) માંથી હોય છે, પણ જે પ્રકારની જરૂર પડે તે શિશુઓ માટેની પેરાસિટામોલ નિલંબન કે સસ્પેન્શન 120mg/5ml હોય છે.

(નોંધ: શિશુની પેરાસિટામોલ (250mg/5ml) કરતાં જૂનિઅર કે નાની ઉંમરનાની પેરાસિટામોલ (6 વત્તા) વધારે સખત કે અસરકારક હોય છે અને તેનો ઉપયોગ અવશ્ય બાળકોમાં કરવો જોઈએ નહિ.)

### કયા રસીકરણો પછી મારે મારા બાળકને પેરાસિટામોલ આપવી જોઈએ?

તમારા બાળક માટે MenB રસીકરણોને અનુસરીને પેરાસિટામોલની સલાહ આપવામાં આવે છે. MenB રસી સામાન્યરીતે તમારા બાળકની 8 અને 12 મહિનાની ઉંમરે પ્રથમ અને બીજી રોગ પ્રતિરક્ષણ એપોઇન્ટમેન્ટોમાં આપવામાં આવે છે.

12 મહિનાની ઉંમરે આપવામાં આવતી MenB બૂસ્ટર રસી પછી નિયમિત રીતે પેરાસિટામોલની જરૂર હોતી નથી. આ ઉંમરે બાળકને તાવ આવવાનું જોખમ બીજી રસીઓ પછી એકજ સરખુ હોય છે.

### મારે કેટલી પેરાસિટામોલ આપવી જોઈએ?

MenB રસીકરણને અનુસરીને પેરાસિટામોલના 2.5ml (60mg) ના કુલ 3 ડોઝીસની ભલામણ કરવામાં આવી છે. તમારે રસીકરણ સમયે અથવા પછી શકય હોય તેટલા જલદીથી પ્રથમ માત્રા કે ડોઝ આપવો જોઈએ.

તમારે પેરાસિટામોલનો બીજો ડોઝ ત્યાર બાદ 4 થી 6 કલાકોની આસપાસ મોડેથી અને તેના 4 થી 6 કલાકો પછી ત્રીજો ડોઝ આપવો જોઈએ (ટેબલ કે કોષ્ટક જુઓ).

2.5ml નો ડોઝ માપી અને તેને સિરિંજનો ઉપયોગ કરીને અથવા 2.5ml ચમચી સાથે આપવો જોઈએ (આ સામાન્ય રીતે પેકમાં આવતી ચમચીનો નાનો છેડો હોય છે).

ખૂબ જ નિયત સમય પહેલાં જન્મેલ બાળકો માટે (32 અઠવાડિયાઓના ગર્ભાધાન પહેલાં જન્મેલા), રસીકરણના સમયે શિશુના વજન પ્રમાણે તમારા ડોકટર દ્વારા પેરાસિટામોલ લખી આપવામાં આવેલ હોવી જોઈએ. તમારે તમારા ડોકટર સાથે તપાસ કરવી જોઈએ અને પ્રિસ્ક્રિપ્શન પરની સૂચનાઓને અનુસરવી જોઈએ.

### પ્રાથમિક MenB રસીકરણો (સામાન્યરીતે 8 અને 12 અઠવાડિયાઓની ઉંમર) પછી ઉપયોગ માટે શિશુ પેરાસિટામોલ સસ્પેન્શન કે નિલંબનની (120mg/5ml) માત્રા અને સમય

| બાળકની ઉંમર | 6 મહિનાઓ સુધી (સામાન્ય રીતે 8 અને 12 અઠવાડિયાઓએ) |
|---|---|
| ડોઝ કે માત્રા 1 | રસીકરણ પછી શકય હોય તેટલા જલદીથી 2.5ml (60mg) નો એક ડોઝ |
| ડોઝ કે માત્રા 2 | પ્રથમ ડોઝના 4 થી 6 કલાકો પછી 2.5ml (60mg) નો એક ડોઝ |
| ડોઝ કે માત્રા 3 | બીજા ડોઝના 4 થી 6 કલાકો પછી 2.5ml (60mg) નો એક ડોઝ કે માત્રા |

immunisation
તમારા બાળકના આરોગ્યની રક્ષણ કરવાની સૌથી સલામત રીત

**જો તમારા બાળકે MenB ની રસી લીધેલ હોય તો આ પત્રિકામાં આપેલી સલાહ ફક્ત ત્યારે જ લાગુ પડે છે. જો તમારા બાળકને બીજા કોઈ સમયે તાવ આવે તો તમારે ઉત્પાદનના પેકેજિંગ અને દરદીની માહિતીની પત્રિકા પરની સૂચનાઓ અને ડોઝની સલાહને અનુસરવી જોઈએ.**

### પેરાસિટામોલના 3 ડોઝીસ લીધા પછી જો મારા બાળકને હજી પણ તાવ હોય તો શું?

પેરાસિટામોલના 3 ડોઝ લીધા પછી પણ અમુક બાળકોને રસીકરણ પછી હજી પણ તાવ વિકસિત કે આવી શકે. રસીકરણ પછીના 48 કલાકમાં, જો તમારા બાળકને હજી પણ તાવ હોય પણ અન્યથા તે સ્વસ્થ કે સારું હોય તો, તમે તમારા બાળકને ઈન્ફન્ટ પેરાસિટામોલ (120mg/5ml) સસ્પેન્શનનો સમાન 2.5ml ડોઝ (60mg) આપવાનું ચાલુ રાખી શકો.

- **તમારે હંમેશાં ડોઝીસની વચ્ચે ઓછામાં ઓછા 4 કલાકો રાખવા જોઈએ અને કોઈ પણ 24 કલાકના સમય ગાળામાં 4 થી વધારે ડોઝીસ કદી પણ આપવા જોઈએ નહિ.**

તમારે તમારા બાળકને કપડાં અથવા ધાબળાના ઘણા બધા સ્તરો ન હોય તેની ખાતરી કરીને પણ તેમને ઠંડુ રાખવુ જોઈએ, અને તેમને ઘણુ બધુ પ્રવાહી આપો. જો તમારા બાળકને સ્તનપાન કરાવતા હોય તો, આપવા માટે માતાનું દૂધ શ્રેષ્ઠ પ્રવાહી હોય છે.

- **જો તમે કોઈ પણ સમયે તમારા બાળકના સ્વાસ્થ્ય વિષે ચિંતિત બનો, તો પછી તમારી અંતપ્રેરણા પર વિશ્વાસ કરો અને તમારા જીપી (GP) સાથે વાતચીત કરો અથવા સલાહ માટે ઈંગ્લેન્ડમાં (England) NHS 111 અને વેલ્સમાં (Wales) 0845 46 47 પર કોલ કરો.**
- **જો તમારા બાળકને રસીકરણના 48 કલાકથી વધારે સમય પછી હજી પણ તાવ હોય તો તમારે તમારા જીપી (GP) સાથે વાતચીત કરવી જોઈએ અથવા સલાહ માટે ઈંગ્લેન્ડમાં (England) NHS 111 અને વેલ્સમાં (Wales) 0845 46 47 પર કોલ કરો.**

## બીજા સામાન્ય પ્રશ્નો:

### શું મારા બાળકને પેરાસિટામોલ આપવા માટે મારે જગાડવું જોઈએ?

MenB રસી પછી શકય હોય તેટલા જલદીથી અને પેરાસિટામોલનો પ્રથમ ડોઝ કે માત્રા આપવા તમારે હંમેશાં પ્રયત્ન કરવો જોઈએ. આમ છતાં પણ, જયારે હવે પછીનો ડોઝ બાકી હોય, જો તમારું બાળક સૂતું હોય તો, તેમને જગાડશો નહિ. જયારે બાળક હવે પછી જાગે ત્યારે તમે તેને આપી શકો જયાં સુધી દરેક ડોઝની વચ્ચે ઓછામાં ઓછા 4 કલાકો હોય.

### શું નાના બાળકો માટે પેરાસિટામોલ લેવાનું ઓકે કે બરાબર હોય છે?

2 મહિનાઓની ઉંમરથી બાળકોમાં તાવના પ્રબંધ માટે પેરાસિટામોલ માન્ય હોય છે. પેક સાથે આવતી દરદીની માહિતી પત્રિકામાં એવું કહેવામાં આવી શકે કે 2 થી 3 મહિનાઓની વયના બાળકોને ડોક્ટર અથવા ફાર્મસિસ્ટ સાથે વાતચીત કરતા પહેલાં ફક્ત 2 ડોઝીસ આપવા જોઈએ.

જોકે પેરાસિટામોલ ખૂબ જ નાના બાળકોમાં સલામત હોય છે, પેકેજિંગ પરની સલાહ એ છે કે ન સમજાય તેવા કે અસ્પષ્ટ તાવ સાથેના બાળક માટે માતાપિતા પેરાસિટામોલ આપવાનું ટાળે કે દૂર રહે. આવો તાવ એ ગંભીર ચેપની નિશાની કે સંકેત હોઈ શકે અને ખૂબ લાંબા સમય માટે આવી સારવાર કરવાથી તબીબી સહાય મેળવવાનો પ્રયત્ન કરવામાં માતાપિતાને વિલંબ થઈ શકે.

રસીકરણ પછી તાવ સામાન્ય હોવાથી, આમ છતાં પણ, નિષ્ણાતોએ સલાહ આપી છે કે તબીબી સલાહ મેળવવાનો પ્રયત્ન કર્યા વગર MenB રસી પછી 48 કલાક સુધી પેરાસિટામોલ આપવી બરાબર કે ઓકે છે.

આ સમય ગાળામાં તાવ ચેપના બદલે તે રસીના કારણે થવાની શકયતા વધારે હોય છે. પેરાસિટામોલ તમારા બાળકને સ્વસ્થ થવામાં પણ વધારે સારુ બનાવશે, અને જો તમે કોઈ પણ 24 કલાકના સમય ગાળામાં 2.5ml ના 4 ડોઝીસથી વધારે ન આપો તો ઓવર-ડોઝનું કોઈ જોખમ નથી.

### ઉત્પાદકની દરદીની માહિતી પત્રિકામાં (PIL) જુદી જુદી માહિતીનો સમાવેશ શા માટે હોય છે?

તમે ખરીદ કરેલ પેરાસિટામોલના પુરવઠામાં તમને દરદીની માહિતી પત્રિકા (PIL) મળી રહેશે. ઈન્ફન્ટ પેરાસિટામોલ સસ્પેન્શન 120mg/5ml સાથેની PIL કદાચ MenB રસીકરણને અનુસરીને ઉપયોગ કરવા માટે નિષ્ણાતોની ભલામણોથી જુદા ડોઝીસની સૂચનાઓ પૂરી પાડી શકે. અહીંયા, આ પત્રિકામાં, MenB રસીકરણને અનુસરીને પેરાસિટામોલના ઉપયોગ માટે ચોક્કસ કે વિશિષ્ટ ભલામણોની વિગતો અમે આપીએ છીએ. પેરાસિટામોલના ઉત્પાદન વિષે સંપૂર્ણ માહિતી માટે, કૃપા કરી ઉત્પાદકોની PIL તપાસી જુઓ.

### શું મારા બાળકને 12 મહિને બૂસ્ટર રસીકરણો સાથે પેરાસિટામોલની જરૂર છે?

12 મહિનાઓની ઉંમરે MenB રસી પછી તમારા બાળકને તાવનું જોખમ -ભય બીજી રસીઓની જેમ સરખુ હોય છે. તેથી, તમારા બાળકને તેમના નિયમિત 12 મહિનાના રસીકરણો સાથે પેરાસિટામોલના 3 ડોઝીસ લેવાની જરૂર નથી. આમ છતાં પણ, જો તમારા બાળકને ઘરે તાવ આવે અથવા અસ્વસ્થતામાં હોય તેવું દેખાય તો, તમે પેકેટમાં આપેલી સૂચનાઓની રૂપરેખા મૂજબ તે ઉંમરના બાળક માટેના ડોઝની સૂચિનો ઉપયોગ કરી તમારા બાળકને ઈન્ફન્ટ પેરાસિટામોલ આપી શકો.

**2 થી 2 મહિનાઓની વયના બાળકોને પેરાસિટામોલના 2 થી વધારે ડોઝીસ આપવાની સલાહ બાળકને MenB રસી લીધા પછી ફક્ત લાગુ પડે છે. જો તમારા બાળકને બીજા કોઈ સમયે તાવ આવે તો, તમારે ઉત્પાદનના પેકેજિંગ અને દરદીની માહિતી પત્રિકા પરની સૂચનાઓને અને ડોઝની સલાહને અનુસરવી જોઈએ.**

NHS

**www.nhs.uk/vaccinations**

© Crown copyright 2025. Version 4. UK Health Security gateway number: 2025-147. Product code: 3083756GU Gujarati. 50K SEP 2025 (APS)
To order more copies of this asset, please visit: **www.healthpublications.gov.uk** or call 0300 123 1002.